જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૩/૦૪/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૧૨/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૩૭૬ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ ક્વૉટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૮૮૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૧૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૭૧૪/૧૮

**નવરંગપુરા :** ભુપેન્દ્રસિંહ નારાયણસિંહ રાજપુત (ઉ.વ.૪૫)(રહે,સુરભી એપાર્ટમેન્ટ, શાહીબાગ) એ તા.૧૨/૪/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ડિસેમ્બર/૨૦૧૪ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી આસ્થા ટ્રેડ કોમ તથા વ્રજ સેલ્સ કોર્પોરેશન નામની કંપનીના ભાગીદારો રાજેશભાઇ જી.પટેલ, ધર્મેશભાઇ પટેલ, સંજયભાઇ પટેલ તથા ઇન્દ્રજીત રામલખન પાલ (રહે.ગણેશ મેરીડીયન ,કારગીલ પેટ્રોલપંપની સામે, એસ.જી.હાઇવે સોલા) ભેગામળી નવરંગપુરા આશ્રમ રોડ જુની આર.બી.આઇ. બિલ્ડીંગ સામે આત્માહાઉસ ખાતે ભુપેન્દ્રસિંહના ક્લાયન્ટો (૧) નિમ્બસ બેવરેજીસ પ્રા.લિ. ઇન્દોર મધ્યપ્રદેશ ના ડાયરેક્ટર વિષ્ણુભાઇ શર્મા (૨) ન્યુ કેમડાયસ્ટફ પ્રા.લિ. તથા જનપથ એસ્ટેટ પ્રા.લિ.ના ડાયરેક્ટરો પવન ગોયલ તથા આર.સીપટેલ (૩) ગીરીવર હોટલ્સ એંડ રીસોર્ટ પ્રા.લિ. જયપુર રાજસ્થાન ના ડાયરેક્ટર અરવીંદસિંહ રાજપુત તથા (૪) રવી સોલર એનર્જી લિ. અમદાવાદના ડાયરેક્ટર નયન મહેતા ની પ્રોજેક્ટ લોન મંજુર કરાવવા માટે વિશ્ર્વાસ અને ભરોસો આપી, સદર લોન થઇ ગયેલ છે તેમ જણાવી, મંજુર થયેલ લોનના ૧% ડીપોઝીટ પેટે કુલ રૂપિયા ૨,૬૫,૦૦,૦૦૦/- મેળવી લઇ, ભુપેન્દ્રસિંહ ના ક્લાયન્ટોની લોન મંજુર નહી કરાવી, ડીપોઝીટના નાણા પરત નહી આપી, ભુપેન્દ્રસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એ.એમ.પરમાર ચલાવે છે.

**સેટેલાઇટ :** જીજ્ઞાશાબહેન વા/ઓ મૃણાલ દેસાઈ (રહે,પ્રયાણ એપાર્ટમેન્ટ ગોકુલ રો-હાઉસની બાજુમાં ૧૩૨ ફુટ રોડ શ્યામલ સેટેલાઇટ) એ તા.૧૨/૪/૧૮ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૩/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઓ.એચ.ઓ. હોલીડેઝ કંપની NAC મની માઝરા ચંદીગઢ પંજાબ કંપનીના ઓનર (૧) નીતુ ગોયેલ-પ્રોપરાઈટ (૨)બળદેવસિંહ ધીલોન (૩) ગૌરવ ગોયેલ (૪) વાઈસ પ્રેસીડન્ટ:-યોગેશકુમાર (૫) જનરલ મેનેજર ભાગવત શર્મા (૬) ટીમ લીડર:- ઈશા અગ્રવાલ અને (૭) બી.ટુ.બી.સેલ્સ મેનેજર કુંતલબેન ચેટરજી નાઓએ ભેગામળી જીજ્ઞાશાબહેન નું હોલીડે પેકજ નું બુકીંગ કરવા વિશ્ર્વાસમાં લઈ યુરોપ તથા રશિયા ના બુકીગ પેટે કુલ રૂપિયા ૯,૨૩,૫૦૦/- મેળવી લઇ, બુકીંગ નહીં કરી વળતર પેટે ફક્ત ૧,૦૦,૦૦૦/- રૂપિયા પરત કરી બાકીના નાણા પરત નહીં ચુકવી જિજ્ઞાશાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એસ.ચૌધરી ચલાવે છે.

**ખોખરા :** જશોદાબહેન વા/ઓ રમણલાલ પટેલ (ઉ.વ.૬૦)(રહે,દેવભુમી સોસાયટી સ્મૃતિ મંદિર પાસે ઘોડાસર) એ તા.૧૨/૪/૧૮ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આજથી છ મહિના પહેલા ખોખરા મદ્રાસી મંદીર ગાયત્રી ડેરીની બાજુમા મહાદેવકુંજ સોસાયટી ખાતે રહેતા આરોપી (૧) રાજુ બ્રહ્મભટ્ટ (બારોટ) તથા તેમની માતા (૨) શોભનાબેન બ્રહ્મભટ્ટે ભેગામળી તેમના ઘરે વશીકરણ અને ભુવા ધુતારાની વિધીકરી જશોદાબહેનના પુત્રને પરત લાવવા સારૂ વિશ્વાસમા લઈ, "વિધી નહી કરાવો તો તમારો દિકરો મરી જશે" તેવી બીક બતાવી, જશોદાબહેન પાસેથી પ્રથમ રૂપીયા ૫૦,૦૦૦/-, બીજી વખત રૂપીયા ૩૭,૦૦૦/- તથા ત્રીજી વખત રૂપીયા ૧૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૮,૦૦૦/- મેળવી લઇ, જશોદાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પરમાર ચલાવે છે.

**<u>આત્મહત્યા:-</u>** **<u>સમાચાર યાદી નં.૭૧૫/૧૮</u>**

**નારોલ :** પાર્થ સ/ઓ અશોકભાઇ રાવલ (ઉ.વ.૨૮)(રહે,ચાણક્યપુરી સેકટર-૬ અંબામાતાના મંદિર પાસે ઘાટલોડીયા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૦૪/૧૮ રાતના ૦૮/૦૦ વાગ્યાના સુમારે કર્ણાવતી એપાર્ટમેંટ ખાતે પોતાની જાતે એસીડ પી લેતા, સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરતાં તા.૧૨/૦૪/૨૦૧૮ ના કલાક ૧/૦૦ વાગે ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી નરસિંહ રૂપસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.